ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૦.૪ ડીગ્રી
લઘુતમ : ૧૬.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૫૫ ટકા

# આજે ગાંધીનગર ખાતે સ્વાસ્થ્ય ભારત સાયકલ યાત્રાનું આગમન

## જી.એમ.ઈ.આર.એસના ઓડિટોરિયમના કંપાઉન્ડ ખાતેથી આવતીકાલે સવારના ૮ કલાકે સાયકલ યાત્રાની પ્રભાત ફેરી યોજાશે

ગાંધીનગર, તા.૫

મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિના ભાગરૂપે કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા સ્વસ્થ ખોરાક અંગેની જનજાગૃતિ અર્થે સ્વાસ્થ્ય ભારત યાત્રા- સાયકલ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાયકલ યાત્રા તા. ૬ ડિસેમ્બર, ૨૦૧૮ ના રોજ અમદાવાદ થી ગાંધીનગર ખાતે આવશે. સ્વાસ્થ્ય ભારત યાત્રા- સાયકાલ યાત્રાના સ્વાગતના સુચારું આયોજન અર્થે આજરોજ ગાંધીનગર નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ.જાડેજાની ઉપસ્થિતિમાં એક બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં સાયકલ યાત્રાના કાર્યક્રમની વિગત આપતાં ખોરાક અને ઔષધ નિયમન તંત્રના શ્રી ગોહિલે જણાવ્યું હતું કે, સાયકલ યાત્રા ગાંધીનગર જિલ્લાની હદમાં આવશે, ત્યારે તપોવન સર્કલ ખાતે તેનું કુંક તિલક કરીને તેમનું ઉષ્મા ભર્યું સ્વાગત ગાંધીનગર જિલ્લાની હદમાં કરવામાં આવશે. તે પછી બપોરના ૩.૦૦ કલાકે જીએમઆઈઆરએસ ઓડિટોરિયમ હોલ, સિવીલ હોસ્પિટલ, સેકટર-૧૨ ખાતે ગાંધીનગર મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર શ્રી ર્ડા. રતનકવર ગઢવીચારણ દ્વારા સાયકલ યાત્રામાં આવેલા સાયકલીસ્ટોનું સ્વાગત કરીને પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવશે.

તા. ૭મી ડિસેમ્બરના રોજ સવારના ૮.૦૦ કલાકે પ્રભાર ફેરીનું આયોજન જી.એમ.ઈ.આર.એસ ઓડિટોરિયમ કમ્પાઉન્ડ ખાતેથી કરવામાં આવ્યું છે. આ પ્રભારત ફેરી ઓડિટોરિયમ કંમ્પાઉન્ડ ખાતેથી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગાંધીનગરના શ્રી ર્ડા. એચ.જી.કોશિયા અને ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર શ્રી બારૈયા આ પ્રભાત ફેરીનું પ્રસ્થાન કરાવશે. આ પ્રભાત ફેરી ઘ-૪, ઘ-૫ થી પરત જી.એમ.ઈ.આર.એસ ઓડિટોરિયમ કમ્પાઉન્ડ ખાતે આવશે. જેમાં મોટી સંખ્યામાં વિવિધ શાળાના બાળકો અને શિક્ષકો અને નગરજનો સહભાગી થશે. ત્યારબાદ આ દિવસે સવારના ૯.૦૦ કલાકે જી.એમ.ઈ.આર.એસ. ના ઓડિટોરિયમ હોલમાં પબ્લિક મિટિંગનું આયોજન કરવામાં આવશે. આ બેઠકમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણના અધિક મુખ્ય સચિવ પુનમચંદ પરમાર, ગાંધીનગર જિલ્લા કલેકટર એસ.કે.લાંગા, જિલ્લા વિકાસ અધિકારી હિતેષ કોયા, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગાંધીનગરના ર્ડા. એચ.જી.કોશિયા અને કમાન્ડીંગ ઓફિસર લેફટેનેંટ કર્નલ અમિત શર્મા સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને નગરજનો ઉપસ્થિત રહેશે.

તા. ૮મી ડિસેમ્બર, ૨૦૧૮ ના રોજ સવારના ૮.૦૦ કલાકે આ સાયકલ યાત્રા મહેસાણા જિલ્લામાં જવા માટે નીકળશે. સાયકલ યાત્રાને મહેસાણા તરફ પ્રસ્થાન અધિક નિવાસી કલેકટર શ્રી એચ.એમ.જાડેજા ફલેગ આપીને કરાવશે.

આ બેઠકમાં ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી ૠતુરાજ દેસાઈ, જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ર્ડા. સોલંકી સહિત મોટી સંખ્યામાં સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# એનડીઆરએફના જવાનોના સ્વચ્છતા અભિયાનથી શહેરીજનો અચંબિત..!







### કંઈક અજુગતું બન્યું હોવાની શંકા બાદ જવાનોને સફાઈ કરતા જોઈ નાગરિકોએ પ્રસંશા કરી : રેલ્વે સ્ટેશન-પંચદેવ મંદિર સહિતના અનેક સ્થળે સ્વચ્છતા અભિયાન હાથ ધર્યું

ગાંધીનગર, તા.૫

એનડીઆરએફ એટલે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ જે કુદરતી અથવા માનવસર્જિત આપત્તિના સમયે તાત્કાલિત બચાવ કામગીરીનું કાર્ય કરે છે. જો કે આજે ગાંધીનગરમાં એનડીઆરએફના જવાનોનું અલગ જ સ્વરુપ જોવા મળ્યું હતું. આજે ગાંધીનગર એનડીઆરઅફ દ્વારા રેલ્વેસ્ટેશન, પંચદેવ મંદિર વગેરે સહિતના અનેક વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ વર્ષને ઉજવવા સ્વચ્છતા અભિયાન પર વધુ ભાર મુકવામાં આવ્યો છે. સ્વચ્છતાને કારણે નાગરિકોમાં સ્વાસ્થ્ય જાળવણી થઈ શકે છે અને પર્યાવરણને પણ ઘણો લાભ પ્રાપ્ત થાય છે. સ્વચ્છતા જાળવણી અંગે હજુ પણ સામાન્ય નાગરિકોમાં ઘણી બેદરકારી જોવા મળે છે જેને પગલે સ્વચ્છતા અંગે જન જાગૃતિ વધે તેવો પ્રયાસ આજે ગાંધીનગરની એનડીઆરએફ ટીમ દ્વારા હથ ધરવામાં આવ્યો હતો. આ અંતર્ગત એનડીઆરએફની ટીમે ગાંધીનગરના રેલવે સ્ટેશન તથા સુપ્રસિધ્ધ પંચદેવ મંદિર સંકુલ સહિત અનેક સ્થળોની સફાઈ કરી હતી તેમજ સ્વચ્છતા અંગે જનજાગૃતિ ફેલાવતા બેનર્સ પણ પ્રદર્શિત કર્યા હતા. આ અભિયાનના પ્રારંભના તબક્કે તો નાગરિકો એક સાથે એનડીઆરએફના જવાનોને જોઈ કંઈક અજુગતુ બન્યાની ચિંતામાં મુકાયા હતા પરંતુ પછી આ જવાનોને સફાઈ કાર્ય કરતા જોઈ રાહતનો દમ લેવા સાથે એનડીઆરએફની પ્રસંશા કરતા નજરે ચઢયા હતા.

# ઉવારસદ ડેન્ટલ કોલેજ પાછળથી જુગાર રમતા બે શખ્સો ઝડપાયા

### રૂ.૫૫૦૦ના રોકડ મુદ્દામાલ સાથે બંને શકુનીઓની ધરપકડ : બે ફરાર

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર નજીક આવેલા ઉવારસદ ગામની સીમમાં સ્થિત કર્ણાવતી ડેન્ટલ કોલેજની પાછળ ખુલ્લા ખેતરમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની બાતમીને આધારે અડાલજ પોલીસની ટીમે દરોડો પાડયો હતો. પોલીસને જોઈને જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી જોકે પોલીસે કોર્ડન કરીને બે જુગારીઓને પકડી પાડયા હતા જ્યારે અન્ય બે જુગારીઓ નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. અડાલજ પોલીસે રોકડ રૂ.૫૫૦૦ના મુદ્દામાલ સાથે બે શકુનીઓની ધરપકડ કરીને ફરાર થઈ ગયેલા બન્ને શકુનીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

અડાલજ પી.આઈ જે.જી.વાઘેલાની ટીમ ગઈકાલે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે ઉવારસદ કર્ણાવતી ડેન્ટલ કોલેજની હોસ્ટેલની પાછળ આવેલા ખુલ્લા ખેતરમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે આ બાતમીના આધારે અડાલજ પોલીસની ટીમે બાતમી વાળા સ્થળે દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને બાજી માંડીને બેઠેલા ચાર શખ્સો પૈકી બે શખ્સો રફુચક્કર થઈ ગયા હતા જ્યારે બે શખ્સો પકડાઈ ગયા હતા. પોલીસે રોકડ રૂ.૫૫૦૦ના મુદ્દામાલ સાથે વાવોલ ગામના રાવળ વાસમાં રહેતા રમેશ સોમા રાવળ અને ટીંટોડા ગામના કરસનપુરા વિસ્તારમાં રહેતામાં માનસંગ રમણ ઠાકોર નામના બે શકુનિઓને ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બીજી તરફ પકડાયેલા આરોપીઓની પૂછપરછ કરીને ફરાર થઈ ગયેલા આરોપીઓને નામ બહાર લાવીને તેમની ધરપકડ માટે કવાયત તેજ કરી છે.

# સિવિલની એમ્બ્યુલન્સ કે ધક્કાગાડી

### જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતા દર્દીઓને આવી એમ્બ્યુલન્સમાં રીફર કરાય છે? ત્યારે એમ્બ્યુલન્સને પણ એમ્બ્યુલન્સની જરૂરીયાત ઉભી થઈ છે

ગાંધીનગર, તા. ૫

આ તસ્વીર છે પાટનગરની મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલની...રાજયનો વહીવટ તો ધક્કા મારીને ચાલે જ છે. પરંતુ આરોગ્ય લક્ષી સેવા પણ કથળી ગઈ છે. કરોડો રૂપીયાના ખર્ચે તૈયાર થયેલી મેડીકલ હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ ધક્કા ખાઈને શરુ થઈ રહી છે. સામાન્ય એમ્બ્યુલન્સ તો ઠીક પરંતુ આઈસીયુ ઓન વ્હીલને પણ ધક્કા મારવા પડે તે વાત નવાઈ પમાડે છે. ડચકા ખાતી એમ્બ્યુલન્સ માંડ માંડ માર્ગ પર દોડતી હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતા દર્દીઓને આવી એમ્બ્યુલન્સમાં રીફર કરાય છે. એમ્બ્યુલન્સની ટાઈમસર મરામત થવી જોઈએ, પરંતુ મરામતની વાતમાં કોકડું કયાં ગુંચવાય છે તે ખબર પડતી નથી. ત્યારે પાટનગરની એમ્બ્યુલન્સની આવી હાલત છે તો રાજયની અન્ય સરકારી હોસ્પિટલની એમ્બ્યુલન્સ કેવી હશે તે વિચાર




માત્ર ધ્રુજાવી જાય છે.

ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. ઓપીડી વિભાગ તેમજ તાત્કાલીક વિભાગ દર્દીઓનો ભારે ધસારો જોવા મળે છે. ત્યારે ગંભીર ઈજાગ્રસ્ત કે વધુ સારવાર માટે દર્દીઓને અમદાવાદ સિવિલ રીફર કરવામાં આવે છે. એમ્બ્યુલન્સમાં અમદાવાદ હોસ્પિટલમાં દર્દીઓને લઈ જવામાં આવે છે. એમ્બ્યુલન્સ ને પગલે કેટલીક વખત દર્દીના સગાઓએ હોબાળો મચાવ્યાની પણ ઘટનાઓ બની ચુકી છે. સિવિલમાંથી વીવીઆઈપીના કાફલામાં પણ એમ્બ્યુલન્સ મોકલવામાં આવે છે ત્યારે શું આવી ધક્કા મારીને ચાલુ કરેલી એમ્બ્યુલન્સ મોકલવામાં આવે છે. સિવિલમાં આઈસીયુ ઓન વ્હીલ મેયરની ગ્રાન્ટમાંથી ફાળવવામાં આવી છે. તેમજ એમ્બ્યુલન્સ પણ ધક્કા મારીને શરુ કરીને દર્દીઓને અમદાવાદ પહોંચાડવાની કામગીરી કરી રહી છે. ત્યારે એમ કહી શકાય કે સિવિલની એમ્બ્યુલન્સને પણ એમ્બ્યુલન્સની જરૂરીયાત ઉભી થઈ છે.

# નવા સેકટરમાં ઘરના ભાડામાં તોંતિગ વધારો

### રૂ.૫ થી ૬ હજારના ભાડાના સ્થાને રૂ.૧૦ થી ૧૨ હજાર વસુલાય છે

શહેરમાં સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી માટે આવેલા ઉમેદવાર ભાઈ બહેનો તેમજ બાળકોના અભ્યાસઅર્થે ગાંધીનગરમાં વસવાટ કરતા નાગરીકોને પગલે શહેરના નવા સેકટરોમાં ઘરના ભાડા વધી જવા પામ્યા છે. છેલ્લા બે માસથી ભાડુઆતની સંખ્યા વધતા અચાનક ઘર ભાડામાં ઉછાળો આવતા મકાનના ભાડા બમણા થઈ ગયા છે. ત્યારે શહેરમાં પરિવાર સાથે વર્ષોથી વસવાટ કરતા અન્ય ભાડુઆત ચિંતાગ્રસ્ત બન્યા છે. ત્યારે હાલના સમયે શહેરના મકાન માલિકોને બખ્ખા પડી ગયા છે.

ગાંધીનગર શહેરના નવા સેકટરોમાં આવેલા મકાનોમાં હાલ ભાડામાં તોંતિગ વધારો ઝીંકાયો છે. મકાનના ભાડા વધતા દલાલો સક્રિય બની ગયા છે. બે માસ અગાઉ પ્રથમ માળે બે રૂમ રસોડાના મકાનનું ભાડું રૂ. ૫ થી ૬ હજાર હતું, તેના સ્થાને હાલ ૮ થી ૯ હજાર જેટલું ચાલી રહ્યું છે. તો બીજી તરફ નીચેના મકાન માટે તો પડાપડી થઈ રહી છે, નીચેના મકાનના ભાડા ૬ થી ૭ હજાર ચાલતુ હતું તેના સ્થાને હાલ રૂ. ૧૦ થી ૧૧ હજાર ચાલી રહ્યું છે. જયારે ત્રીજા માળે આવેલા એક રૂમ રસોડાના પણ ભાડા સાંભળી ભાડુઆતને ચક્કર આવે તેવી સ્થિતિ સર્જાઈ છે. હાલ રાજયના અન્ય વિસ્તારમાંથી મોટી સંખ્યામાં બાળકોને ભણાવવા માટે નાગરીકો આવ્યા છે, તો બીજી તરફ સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતા લાખો પરિક્ષાર્થીઓ શહેરના મહેમાન બન્યા છે. જેથી ઘર માલિકો એક વ્યકિતદીઠ રૂ. ૨ થી ૩ હજાર વસુલે છે. જયારે ફલેટમાં પણ એક સાથે વધુ પરિક્ષાર્થીઓ રહેતા હોવાથી તેનું ભાડુ પણ બમણું થઈ જાય છે. જયારે બાળકોના અભ્યાસ માટે આવેલા પરિવારો માત્ર ગણતરીનો સમય રહેવાનું હોવાથી વધુ ભાડુ આપી દેતા હોય છે. જેથી શહેરમાં અને ન્યુ વિસ્તારમાં ફલેટ કે બંગલો ધરાવતા મકાન માલિકોને બખ્ખા થઈ ગયા છે. જયારે પરિક્ષાઓ પૂર્ણ થયા બાદ ઘરના ભાડા ઘટે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

# આવતીકાલે સતત ૨૭મા વર્ષે મુકિતધામ ખાતે રાતભર યોજાશે પારેખદાદાનું વાંસળી વાદન

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના સેકટર-૩૦માં મુકિતધામ ખાતે ફરી એકવાર રાતભર વાંસળીના સૂરો રેલાશે. આગામી તા. ૭મી ડિસેમ્બર શુક્રવારે કારતક માસની અમાસ નિમિત્તે સતત ૨૭મા વર્ષે ૭૬ વર્ષીય પારેખદાદા મૃતાત્માઓની શાંતિની કામના સાથે રાત્રે ૯ વાગ્યાથી વહેલી પરોઢ સુધી વાંસળી વાદન કરશે.



મૂળ પેથાપુરના અને હાલ ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં રહેતા વયોવૃધ્ધ વાંસળીવાદક પ્રવિણચંદ્ર પારેખ છેલ્લા ૨૬ વર્ષથી દર વર્ષે કાર્તિકી અમાસે સ્મશાનમાં રાતભર વાંસળી વાદન કરે છે. આ વાંસળી વાદનનો હેતુ નિજાનંદ સાથે નામી-અનામી મૃતાત્માઓ જેમની અંતિમક્રિયા આ સ્મશાનમાં સંપન્ન થયેલ હોય તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવાનો છે. વર્ષો પહેલા પેથાપુર ગામના ભીમનાથ મહાદેવ મંદિરના મહંત રાજેશ્વરાનંદ જેઓ મોટે ભાગે મૌન રહેતા હતા તેમણે પ્રવિણચંદ્ર પારેખને કારતક માસની અમાસે સ્મશાનમાં વાંસળી વાદન કરવા પ્રેર્યા હતા ત્યારથી આ સીલસીલો વણથંભ્યો ચાલી રહ્યો છે.

'પારેખદાદા'ના હુલામણા નામે ઓળખાતા પ્રવિણચંદ્ર પારેખને વાંસળી વાદન સાથે તેમના પુત્ર રાજેશ પારેખ તથા ૠષિ શ્રીમાળી અને ચંદ્રકાન્ત પંડયા દ્વારા તબલા વાદનથી સાથ આપશે. સમગ્ર કાર્યક્રમ માટે જનકભાઈ રાવળ તથા હેતલ મંડપવાળા દ્વારા સાઉન્ડ, લાઈટ તથા ચા નાસ્તાની વ્યવસ્થા પુરી પાડવામાં આવશે. પારેખદાદાના વાંસળીવાદનનો રાત્રે ૯ કલાકે પ્રારંભ થશે અને સૂર્યોદય સાથે તેનું સમાપન થશે જેમાં શિવસ્તુતિ, માતાજીના છંદ-સ્તુતિ, ગરબા, હવેલી સંગીત તથા ગઝલો વગેરેની પ્રસ્તુતિ કરાશે. આ કાર્યક્રમને માણવા દર વર્ષે દરેક ધર્મ-સંપ્રદાયના સંગીત રસિકો તથા શ્રદ્ધાળુઓ રાતભર ઉપસ્થિત રહે છે. પારેખકાકા દ્વારા ગાંધીનગરના નાગરિકોને આ કાર્યક્રમ માણવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# પેથાપુરનો નાસતો-ફરતો બુટલેગર ઝડપાયો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર એસ.પી મયુરસિંહ ચાવડાની સૂચનાથી જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાંચના પી.આઈ તરલ ભટ્ટની ટીમો નાસતા ફરતા આરોપીઓને શોધવા સક્રિય થઈ છે ત્યારે એલસીબીની એક ટીમ પેથાપુર ચાર રસ્તા પાસે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે પેથાપુરના પ્રોહિબિશનના ગુનામાં નાસતો-ફરતો એક આરોપી પેથાપુર ચાર રસ્તા પાસે ફરે છે. આ બાતમીના આધારે એલસીબીની ટીમે પેથાપુરના આંકોલના છાપરા વિસ્તારમાં રહેતા નાસતા ફરતા આરોપી રમેશ કેશા ઠાકોરની ધરપકડ કરી લીધી હતી. નાસતા ફરતા આરોપી રમેશ ઠાકોરની ધરપકડ કરીને એલસીબીની ટીમે પેથાપુર પોલીસને આરોપી સોપી દીધો છે.

# સે-૧૬ સ્થિત અંધજન સ્કૂલ ખાતે વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૫

સમગ્ર વિશ્વમાં ૩જી ડિસેમ્બરના રોજ દર વર્ષે વિકલાંગ દિન વર્ષ ૧૯૯૨થી ઉજવવામાં




આવે છે. આ દિનની ઉજવણીના ભાગરૂપે નામદાર સુપ્રિમકોર્ટની સુચનાનુસાર આખા દેશમાં કાનૂની સેવા સત્તા મંડળોના ઉપક્રમે કાનૂની શિબિરનું આયોજન હાથ ધરવામાં આવે છે.ગાંધીનગર જિલ્લા સેવાસત્તા મંડળ દ્વારા પેરાલીગલ વોલન્ટીયર સુધીર દેસાઈ દ્વારા સે-૧૬ સ્થિત અંધજન સ્કુલ ખાતે એક કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં મુખ્ય અતિથિ તરીકે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગરના સેક્રેટરી અને સિવલ જજ માન પી.એસ. રાઠૌર ઉપસ્થિત રહ્યા હતા. તેમણે દિવ્યાંગજનોને મળતા લાભો, વિવિધ સ્કીમોની વિસ્તૃત જાણકારી આપી હતી. પી.એલ.વી. સુધીર દેસાઈ અને જિગિષાબેન ઉપાધ્યાય, સીતારામભાઈ પટેલ દ્વારા પ્રાસંગિક પ્રેરક ઉદબોધન કરી પ્રોત્સાહન પુરું પાડવામાં આવ્યું હતું.

અંધજન સ્કુલના સેક્રેટરી ડૉ. જયંતિભાઈ પટેલ, વાઈસ પ્રેસિડન્ટ ઘનશ્યામભાઈ દેસાઈ, ખજાનચી રમણભાઈ પંચાલ ટ્રસ્ટી પાંડે સાહેબ વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં શાળાના પૂર્વ વિદ્યાર્થીની ઝરણાબેન જેઓ હાલ અંગ્રેજી વિષય સાથે પીએચડી કરી રહ્યા છે. તેઓએ પ્રેરણારૂપ ઉદબોધન કરી દિવ્યાંગોને સામાન્યજનો કરતાં સહેજ પણ ઓછા ન ગણવા એવો સર્વેને અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં પીએલવી વિમળાબેન અયાચી, મધુસુદનભાઈ જોશી, મનસુખભાઈ કોટેચા અને સીતારામભાઈ પટેલ હાજર રહ્યા હતા.

## @ગાંધીનગર

● બાબાસાહેબ ભીમરાવ આંબેડકરના ૬૨મા મહાપરિનિર્વાણ દિન નિમિત્તે સવારે ૮.૩૦ થી ૧૧ કલાક દરમિયાન શ્રધ્ધા સુમન અર્પણ કાર્યક્રમ ગુજરાત વિધાનસભા સામે પ્રતિમા સંકુલ ખાતે કરાશે.

## અવસાન નોંધ

ન્યુ ગાંધીનગર કુડાસણ વિસ્તારમાં આવેલી સપ્તૠષિ સોસાયટી ઘર નં. ૨૭ ખાતે રહેતા કાન્તિલાલ કચરાલાલ ગજ્જર ઉ.વ. ૮૫નું અવસાન તા.૧-૧૨-૧૮ના રોજ થયેલ છે. સદગતનું બેસણું તા. ૬-૧૨-૧૮ના ગુરુવારે સવારે ૮ થી ૧૨ કલાક દરમિયાન વિશ્વકર્મા મંદિર સે-૧૨ ખાતે રાખવામાં આવેલ છે.

## ચિરવિદાય

● સ્વ. શુકલ ચંદ્રકાન્ત નવલશંકર, ઉ.વ. ૮૨